પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૬ | ૧૬ ઓક્ટોબર, ૨૦૨૧, શનિવાર; આસો સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# શસ્ત્ર નિર્માણ કરતી ૭ કંપનીઓ રાષ્ટ્રને સમર્પિત

**વિજયાદશમીએ જ શસ્ત્ર પૂજન સાથે ૭ શસ્ત્ર ઉત્પાદક કંપનીની શરૂઆત : ૭ કંપનીઓ આવનારા સમયમાં ભારતની તાકાતનો આધાર બનશે, આઝાદી પછી પહેલી વખત ડીફેન્સ સેક્ટરમાં ભારે રિફોર્મ થઈ રહ્યા છે : મોદી**



નવી દિલ્હી, તા.૧૫

હથિયારો બનાવતી નવી સાત કંપનીઓને પીએમ મોદીએ આજે દેશને સમર્પિત કરી છે. તેમણે કહ્યુ હતુ કે, વિજયાદશમીના દિવસે આ કાર્યક્રમ થઈ રહ્યો છે તે દેશ માટે સારો સંકેત છે. શસ્ત્ર પૂજન સાથે આ કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી.

આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યુ હતુ કે, ભારતે પોતાની આઝાદીના ૭૫મા વર્ષમાં પ્રવેશ કર્યો છે અને જે કામ દાયકાઓથી અટકયા હતા તે હવે પૂરા થઈ રહ્યા છે. સાત નવી કંપનીઓની શરૂઆત આ જ કામોનો હિસ્સો છે. આ નિર્ણય છેલ્લા ૨૫ વર્ષથી અટકયો હતો. સાત કંપનીઓ આવનારા સમયમાં ભારતની તાકાતનો આધાર બનશે.

તેમણે કહ્યુ હતુ કે, હથિયારો બનાવતી આપણી ઓર્ડિનન્સ ફેક્ટરીઓ દુનિયામાં શક્તિશાળી ગણાતી હતી. તેમની પાસે લાંબો અનુભવ છે. વિશ્વ યુધ્ધ સમયે તેની ક્ષમતા દુનિયાએ જોઈ છે. આઝાદી પછી આ ફેકટરીઓને અપડેટ કરવાની જરૂર હતી પણ તેના પર ધ્યાન નહીં અપાતા સમયની સાથે ભારત વિદેશી હથિયારો પર આધાર રાખતુ થઈ ગયુ હતુ. આ સ્થિતિમાં પરિવર્તન લાવવા માટે આ સાત કંપનીઓ નિર્ણાયક બનશે. તેમણે કહ્યુ હતુ કે, ભારતમાં આધુનિક સૈન્ય ઈન્ડસ્ટ્રીનો વિકાસ અમારૂ લક્ષ્ય છે. આઝાદી પછી પહેલી વખત

● અનુસંધાન પાન-૭ પર

# પૂર ઝડપે આવી રહેલી કારે ૨૦ લોકોને કચડી નાખ્યા

**છત્તીસગઢની આ ઘટનામાં ૪ લોકોના મોત : લોકોએ પીછો કરીને ગાડીને ઝડપી લીધી, ડ્રાઈવર સહિત બે લોકોને માર માર્યો અને ગાડીમાં આગ લગાવી દીધી**

રાયપુર, તા.૧૫

છત્તીસગઢમાં મોટી ઘટના સામે આવી છે. પૂર ઝડપે આવી રહેલી એસયૂવીએ દશેરાની ઝાંખીમાં સામેલ ૨૦ લોકોને કચડી દીધા. આ ઘટનામાં ચાર લોકોના મોત થયા છે તો અન્ય લોકોને ઈજા પહોંચી છે.



જાણકારી પ્રમાણેજ સપુરમાં પત્થલગામના રાયગઢ રોડ પર આ દુર્ઘટના સર્જાય છે. લોકો દશેરાની ઝાંખીમાં સામેલ થઈ રહ્યા હતા. ત્યારે પાછળથી પૂર ઝડપે એક કાર આવી હતી. બાદમાં લોકોએ પીછો કરીને ગાડીને ઝડપી લીધી હતી. લોકોએ ગાડીમાં સવાર ડ્રાઈવર સહિત બે લોકોને માર માર્યો અને ગાડીમાં આગ લગાવી દીધી હતી.

ઘટનાની માહિતી મળ્યા બાદ પોલીસની ટીમ પહોંચી અને બંને આરોપીઓને ભીડના કબજામાંથી છોડાવીને પોતાના કબજામાં લીધા હતા. એસયૂવીમાં તપાસ કરતા અંદરથી મોટી માત્રામાં ગાંજો મળી આવ્યો હતો. લોકોએ એક છજ્જૈં પર કાર્યવાહી ન કરવાનો આરોપ લગાવ્યો, ત્યારબાદ તેને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો છે.

ઘટના બાદ જસપુરની બ્લોક મેડિકલ ઓફિસર જેમ્સ મિંજે કહ્યું કે, હોસ્પિટલમાં એક મૃતદેહને લાવવામાં આવ્યો છે, જ્યારે ૧૬-૧૭ ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે.

# કેન્દ્રીય કર્મચારીઓને દિવાળી પહેલા દિવાળી

**કેન્દ્રીય કર્મચારીઓને ત્રણ જગ્યાએથી રૂપિયા મળશે : સરકાર એરિયર આપવાના પક્ષમાં નથી, ત્રીજું પીએફ ઉપર વ્યાજ દિવાળી પહેલા ખાતામાં જમા થઈ શકે છે**

ગાંધીનગર,તા.૧૫

કેન્દ્રીય કર્મચારીઓ માટે આ વર્ષે દિવાળી ખુબ જ ખાસ થવાની છે. આ વર્ષે દિવાળી પહેલા સરકારી કર્મચારીઓને ત્રણ ભેંટ મળનારી છે. પહેલા કર્મચારીઓને મોંઘવારી ભથ્થું એકવાર ફરીથી વધી શકે છે. ડીએ એરિયર પર સરકાર સાથે ચાલી રહેલી વાતચીતમાં કોઈ પરિણામ આવી શકે છે. જોકે, સરકાર એરિયર આપવાના પક્ષમાં નથી. ત્રીજું પીએફ ઉપર વ્યાજ દિવાળી પહેલા ખાતામાં જમા થઈ શકે છે. જુલાઈ ૨૦૨૧નું મોંઘવારી ભથ્થું હજી સુધી નક્કી કરવામાં આવ્યું નથી. પરંતુ જાન્યુઆરીથી મે ૨૦૨૧ના એઆઈસીપીઆઈ આંકડાથી જાણવા મળ્યું છે કે ત્રણ ટકા સુધી વધારો થઈ શકે છે. આ પ્રકારે ત્રણ ટકા ફરીથી વધવા બાદ મોંઘવારી ભથ્થું ૩૧ ટકા ઉપર પહોંચી જશે. મીડિયા રિપોર્ટ પ્રમાણે કેન્દ્ર સરકાર દશેરા અથવા દિવાળીની આસપાસ ડીએ વધારવાની જાહેરાત કરી શકે છે. કેન્દ્રીય કર્મચારી આશા રાખી રહ્યા છે કે તેમણે દિવાળી પહેલા ૧૮ મહિનાથી રોકેલા મોંઘવારી ભથ્થું મળી જશે. હવે ૧૮ મહિનાથી પેન્ડિંગ એરિયરનો મામલો પીએમ નરેન્દ્ર મોદી સુધી પહોંચ્યો છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે પીએમ મોદી આનો ઉકેલ વહેલી તકે લાવશે. તેમને દિવાળી સુધી ૧૮ મહિનાનું રોકાયેલું મોંઘવારી ભથ્થું મળી શકે છે. નાણામંત્રાલયે કોવિડ-૧૯ મહામારીના કારણે મે ૨૦૨૦માં ડીએ વધારાને ૩૦ જૂન ૨૦૨૧થી રોકી દીધું હતું.

# આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે શસ્ત્ર પૂજા કરી

**તોડવું નહીં જોડવું આપણી સંસ્કૃતિ : મોહન ભાગવત**




નાગપુર, તા.૧૫

નવરાત્રીની શરૂઆતની સાથે જ આરએસસની અલગ અલગ શાખાઓ પર સ્થાપના દિવસ મનાવવામાં આવે છે. વિજયદશ્મીનાં દિવસે નાગપુરમાં આયોજિત કરવામાં આવેલાં કાર્યક્રમમાં સરસંઘચાલક ઉપસ્થિત છે અને તેઓ સ્વંયસેવકોને સંબધિત કરશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આરએસએસ આજે શુક્રવારે તેનો ૯૬મો સ્થાપના દિવસ ઉજવી રહ્યો છે. હિન્દી તિથિ મુજ વિજયદશ્મીનાં દિવસે ૧૯૨૫માં આરએસએસની સ્થાપના થઈ હતી. નવરાત્રીની શરૂઆત જ આરએસએસની અલગ અલગ શાખાઓ પર સ્થાપના દિવસ ઉજવવામાં આવે છે. વિજયાદશ્મીનાં દિવસે નાગપુરમાં આયોજિત કરવામાં આવેલાં આ કાર્યક્રમમાં સંઘ પ્રમુખ મોહન ભાગવ ત ઉપસ્થિત રહ્યાં હતાં. મોહન ભાગવતે પહેલાં શસ્ત્ર પૂજન કર્યુ જે બાદ મોહન ભાગવતે સ્વંયસેવકને સંબોધિત કર્યા. પોતાનાં સંબોધન દરમીયાન મોહન ભાગવતે કહ્યું કે, આ વર્ષ આપમી સ્વાધીનતાનો ૭૫મું વર્ષ છે. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭માં આપણે સ્વાધીન થયા. આપણે આપમાં દેશને સૂત્ર દેશને આગળ ધપાવવા માટે સ્વયંનાં હાથમાં લીધુ છે. સ્વાદીનતાથી સ્વતંત્રતા તરફની અમારી યાત્રાનો આ પ્રારંભ બિંદુ હતું. આપણને આ સ્વાધીનતા રાતો રાત નતી મળી. સ્વતંત્ર ભારતનું ચિત્ર કેવું હોય તેની ભારતની પરંપરા અનુસાર સમાન કલ્પનાઓ મનમાં લઈને દેશનાં તમામ ક્ષેત્રોથી તમામ જાતિવર્ગથી નીકળી વીરોની તપસ્યા ત્યાગ અને બલિદાનનાં હિમાલય ઉભા કર્યા છે.

# સર્જિકલ સ્ટ્રાઈકની ચીમકીના પગલે પાકિસ્તાનનો શાંતિપ્રિય દેશ હોવાનો દાવો

**ભારત પગલા લેશે તો નિષ્ફળ બનાવાશે : શાહનું ભ્રામક નિવેદન ભાજપ-આરએસએસ ગઠબંધનની વૈચારિક કારણો અને રાજકીય લાભ માટે પ્રાદેશિક તણાવ ઉશ્કેરવાની વૃત્તિ દર્શાવે છે : પાક.**

ઈસ્લામાબાદ,તા.૧૫

એક દિવસ પહેલા, ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું કે, જો પાકિસ્તાન તેની હરકતો નહીં છોડે તો ભારત તેના પર બીજી સર્જિકલ સ્ટ્રાઈક કરશે. આ નિવેદન પર પાકિસ્તાને કહ્યું છે કે, પાકિસ્તાન શાંતિ પ્રિય દેશ છે, પરંતુ જો ભારત કોઈ આક્રમક પગલાં લેશે તો તેને નિષ્ફળ બનાવવામાં આવશે. ગોવાના પૂર્વ મુખ્યમંત્રી અને ભારતના પૂર્વ સંરક્ષણ મંત્રી મનોહર પર્રિકરને યાદ કરતા શાહે કહ્યું હતુ કે, સર્જિકલ સ્ટ્રાઈક ભારતના સંરક્ષણમાં નવો અધ્યાય હતો. અમે સંદેશ આપ્યો કે, ભારતની સરહદો પર કોઈ કાર્યવાહી કરી શકે નહીં. વાત કરવાનો સમય હતો, પણ હવે જવાબ આપવાનો સમય આવી ગયો છે. અમિત શાહના નિવેદન બાદ પાકિસ્તાને કહ્યું કે, 'અમિત શાહનું નિવેદન વધુ સર્જિકલ સ્ટ્રાઈક માટે ચેતવણી છે. આ બેજવાબદાર અને ઉશ્કેરણીજનક છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું, તેમનું ભ્રામક નિવેદન માત્ર ભાજપ-આરએસએસ ગઠબંધનની વૈચારિક કારણો અને રાજકીય લાભ માટે પ્રાદેશિક તણાવ ઉશ્કેરવાની વૃત્તિ દર્શાવે છે, જે પાકિસ્તાન પ્રત્યે દુશ્મનાવટ પર આધારિત છે. પાકિસ્તાન શાંતિ પ્રેમી દેશ છે. અમે કોઈપણ આક્રમક યોજનાને સંપૂર્ણ રીતે નિષ્ફળ બનાવવા માટે કોઈ કસર છોડીશું નહીં. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે કહ્યું કે, પાકિસ્તાને ૨૦૧૯માં ભારતના બાલાકોટ ઓડસિટીનો જડબાતોડ જવાબ આપ્યો. આમાં એક ભારતીય ફાઈટર પ્લેનને તોડી પાડ્યુ હતુ અને ભારતીય વાયુસેનાના પાયલોટને પકડી પણ પાડ્યો હતો.

# પચાસ લાખના ઈનામવાળા નક્સલી અક્કી રાજુનું મોત

**છત્તીસગઢના બસ્તરમાં નક્સલીઓને મોટો આંચકો : નક્સલી બિમારી સામે ઝઝૂમતો હતો, અક્કી ઉપરાંત અન્ય બે મોટા નક્સલી નેતાના મોતના સમાચાર**

રાયપુર, તા.૧૫

છત્તીસગઢના બસ્તરમાં નક્સલીઓને મોટો ઝટકો લાગ્યો છે. નક્સલીઓના સેન્ટ્રલ કમિટી સદસ્ય અક્કી રાજુનુ મોત નીપજ્યુ છે. અક્કી રાજુ પર પચાસ લાખ રૂપિયાનુ ઈનામ જાહેર હતુ. અક્કીના મોતની પુષ્ટિ બસ્તર આઈજી સુંદરરાજ પી એ કરી છે. તે છેલ્લા કેટલાય દિવસથી ગંભીર બીમારી સામે ઝઝૂમી રહ્યો હતો. હાલ પોલીસ પણ અક્કીના મોત વિશે જાણકારી એકઠી કરી રહી છે.



મીડિયા રિપોર્ટસ અનુસાર દક્ષિણ બસ્તર એટલે કે દંતેવાડા, બીજાપુર અને સુકમા જિલ્લાના સરહદી વિસ્તારમાં નક્સલી નેતા અક્કી રાજુનુ નિધન થયુ છે. અક્કી સિવાય નક્સલીઓના વધુ બે મોટા નેતાઓના પણ મોત થવાના સમાચાર છે. જોકે, હજુ આમના નામ અને મોતનુ કારણ જાણવા મળ્યુ નથી.

છેલ્લા કેટલાક મહિનાઓમાં કેટલાય મોટા નક્સલી નેતાઓના મોત થયા છે. તાજેતરમાં જ ૧૫ લાખના ઈનામી નક્સલીએ પણ બીમારીના કારણે અંતિમ શ્વાસ લીધો હતો. કોરોનાથી પણ કેટલાક નક્સલી નેતાઓના જીવ ગયા છે.

૧૦ જૂને નક્સલી કટ્ટી મોહન રાવ ઉર્ફે દામૂ દાદા, ૨૧ જૂને નક્સલીઓના સેન્ટ્રલ કમિટી સમિતિ અને ૪૦ લાખ રૂપિયાના ઈનામી હરિભૂષણ અને ૨૨ જૂને મહિલા નક્સલી ભારતક્કાનુ મોત નીપજ્યુ હતુ.

# આર્યન કેસ દ્વારા લખીમપુર ઘટનાથી ધ્યાન ભટકાવાયું

**કોંગ્રેસના નેતાનો સરકાર પર ગંભીર આક્ષેપ : આર્યન ખાન- નાર્કોટિક્સ બ્યુરો ઈન્વેસ્ટિગેશન, નશીલા પદાર્થ રાખવા અથવા ઉપયોગ કરવાનો કોઈ પુરાવો નથી**

નવી દિલ્હી, તા.૧૫

વરિષ્ઠ કોંગ્રેસ નેતા કપિલ સિબ્બલે શુક્રવારે આરોપ લગાવ્યો કે આર્યન ખાન કેસ દ્વારા લખીમપુર ખીરીની ઘટનાથી ધ્યાન ભટકાવવામાં આવ્યુ છે.

પ્રસિદ્ધ બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાનના દીકરા આર્યન ખાન (૨૩) ની નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) એ ત્રણ ઓક્ટોબરે ધરપકડ કરી હતી.

ગૃહ રાજ્ય મંત્રી મિશ્રાના પુત્ર આશિષ મિશ્રાએ ઉત્તર પ્રદેશના લખીમપુર ખીરીમાં ત્રણ ઓક્ટોબરે ચાર ખેડૂતોના મોત મામલે ગયા શનિવારે ઉત્તર પ્રદેશ પોલીસની ધરપકડ કરી હતી. કપિલ સિબ્બલે એક ટ્વીટમાં કહ્યુ, આર્યન ખાન- નાર્કોટિક્સ બ્યુરો ઈન્વેસ્ટિગેશન, નશીલા પદાર્થ રાખવા અથવા ઉપયોગ કરવાનો કોઈ પુરાવો નથી. આશિષ મિશ્રા સાથે સફળતાપૂર્વક ધ્યાન ભટકાવવામાં આવ્યુ.

## જેઈઈ એડવાન્સમાં જયપુરનો મૃદુલ પ્રથમ

નવી દિલ્હી, તા.૧૫

આઈઆઈટી સહિતની પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કોલેજમાં પ્રવેશ માટેની જેઈઈ એડવાન્સ પરીક્ષાનુ પરિણામ આજે જાહેર કરી દેવાયુ છે.

જેમાં જયપુરના મૃદુલ અગ્રવાલે ઓલ ઈન્ડિયા ટોપ કર્યુ છે. તેણે ૩૬૦માંથી ૩૪૮ માર્કસ મેળવ્યા છે. જે પરીક્ષાના ઈતિહાસમાં સૌથી વધારે છે.

# પેટ્રોલ-ડીઝલની કિંમતમાં ૩૫-૩૫ પૈસાનો વધારો

નવી દિલ્હી,તા.૧૫

પેટ્રોલ-ડીઝલની કિંમતમાં આજે ફરી વધારો થયો છે. સરકારે ઓઈલ કંપનીઓ આજે ફરી આમ આદમીનો ઝટકો આપ્યો છે. આજ દશેરાના દિવસે એટલે કે શુક્રવારે પેટ્રોલ-ડીઝલની કિંમતમાં વધારો કરવામાં આવ્યો છે. આજે પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં ૩૫-૩૫ પૈસા પ્રતિ લીટરનો વધારો કરાયો છે. આ વધારે બાદ દેશની રાજધાની નવી દિલ્હીમાં એક લીટર પેટ્રોલની કિંમત ૧૦૫.૧૪ રૂપિયા અને ડીઝલની કિંમત ૯૩.૮૭ રૂપિયા પ્રતિ લીટર થઈ છે. મધ્ય પ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, તેલંગાણા, કર્ણાટક, ઓડિશા, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં પેટ્રોલ ૧૦૦ રૂપિયાને પાર થઈ ગયું છે. મુંબઈમાં પેટ્રોલની કિંમત સૌથી વધારે છે. ગુજરાતના મોટાભાગના શહેરોમાં પણ પેટ્રોલ ૧૦૦ રૂપિયાને પાર થઈ ગયું છે. તમને જણાવી દઈએ કે પેટ્રોલ અને ડીઝલની કિંમત દરરોજ સવાર છ વાગ્યે બદલાય છે. એચપીસીએલ, બીપીસીએલ અને આઈઓસી સવારે છ વાગ્યે નવો ભાવ લાગૂ કરે છે. આ ભાવ તેમની વેબસાઈટ પર જઈને પણ જાણી શકો છો. પેટ્રોલ-ડીઝલની કિંમતમાં એક્સાઈઝ ડ્યૂટી, ડીલર કમિશન અને અન્ય વસ્તુઓ જોડ્યા બાદ ભાવ લગભગ ડબલ થઈ જાય છે.

વાછાણી ઓર્થોપેડિક અને કિડની હોસ્પિટલ

ડૉ. વિવેક વાછાણી દ્વારા આયોજીત

NABH Certified

ઉત્તર ગુજરાતની એક માત્ર હોસ્પિટલ
કે જ્યાં સાંધા બદલાવાનું ઓપરેશન
સ્નાયુ કાપ્યા વગર
કોમ્પ્યુટર નેવીગેશનની મદદથી
કરવામાં આવે છે.

કેમ્પના સ્પેશીયલ ડિસ્કાઉન્ટનો લાભ મેળવવા માટે ૧૫ ઓક્ટોબર પહેલા ઓપરેશન કરાવો

કન્સલ્ટીંગ ફી અને
ડિઝીટલ એકસ-રે ૫૦% રાહત દરે

જોઈન્ટ રિપ્લેસમેન્ટ મેગા કેમ્પ

આ કેમ્પ ફક્ત જોઈન્ટ રિપ્લેસમેન્ટ માટે જ છે.

કેમ્પનો સમય
સોમવાર થી શનિવાર
સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૭:૦૦

કેમ્પનું સ્થળ
વાછાણી હોસ્પિટલ, ૩જો માળ,
બી-બ્લોક, રાધે સિગ્નેચર, સહજાનંદ સીટી સામે,
કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧

અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવા માટે મો. ૯૫૧૨૩ ૫૫૫૬૩, ૯૯૨૫૬ ૨૮૧૦૮

## અંજલી



કલ્પી ન શકાય તેવી તમારી અણધારી વિદાય,
સહુના કાળજા કંપાવી ગઈ,
દિલ હજુ માનતું નથી કે,
તમે અમારી વચ્ચે નથી,
સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી,
તમારો લાગણીશીલ, પ્રેમાળ, પરોપકારી
સ્વભાવની યાદ ક્યારેય ભુલાશે નહિ.
પ્રભુ તમારા આત્માને શાંતિ એ જ પ્રાર્થના.

**જયેશભાઈ શ્રીમાળી**
પૂર્વ પત્રકાર - ગાંધીનગર સમાચાર
ફેકલ્ટી - જ્ઞાન એકેડમી

ગિરાબેન યતિનભાઈ શ્રીમાળી (ભાભી)
તીર્થરાજ યતિનભાઈ શ્રીમાળી (ભત્રીજો)
રેખાબેન જયેશભાઈ શ્રીમાળી (પત્ની)
દિવ્યાંશ જયેશભાઈ શ્રીમાળી (પુત્ર)
રિદ્ધિ જયેશભાઈ શ્રીમાળી (પુત્રી)

જ્ઞાન એકેડમી - જ્ઞાન લાઈવ ફેકલ્ટી
તથા સ્ટાફ પરિવાર